**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૧૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૫૩ ટકા

# શહેરમાં સ્કૂલ યુનિફોર્મ માર્કેટમાં તેજીનો માહોલ

ગાંધીનગર, તા.૨૫

ધોરણ ૧ થી ૫ના વર્ગો શરૂ કરવાની સરકારની જાહેરાત સાથે જ યુનિફોર્મ માર્કેટમાં તેજી આવી ગઈ છે. શહેરમાં યુનિફોર્મની ૩૦ જેટલી નાની મોટી દુકાનો છે. જયાં ગ્રાહકોની ભીડ જોવા મળી હતી. કારણ કે સરકારે અચાનક જ ધોરણ ૧ થી ૫ના વર્ગો શરૂ કરી દેતા વાલીઓ સ્કુલ યુનિફોર્મ લેવા પડાપડી કરી રહ્યા છે.

છેલ્લા બે વર્ષથી બાળકો શાળાએ ગયા ન હોવાથી તેમને જૂના ડ્રેસ ફીટ પડવા લાગ્યા છે અને એટલે જ વેપારીઓને ત્યાં વાલીઓની ભીડ થવા લાગી છે.દરેક દુકાનમાં રોજના ૨૦૦થી ૩૦૦ ડ્રેસ વેચાઈ રહ્યા છે. અચાનક જ ઘરાકી નીકળતા વેપારીઓમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

બાળકોના સ્કૂલ ડ્રેસ, બૂટ, સ્કૂલના પાઠય પુસ્તકો અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓની ખરીદી કરતા વાલીઓ જોવા મળી રહ્યા છે તેથી દુકાનોમાં વાલીઓની લાઈનો લાગી રહી છે. અંદાજે ૧ થી ૨ કલાકે યુનિફોર્મ લેવામાં વારો આવે એટલી ભીડ જોવા મળી રહી છે તો સ્ટેશનરીની દુકાનોમાં પણ ભીડ જોવા મળી રહી છે. કોરોનાની ગાઈડલાઈન મુજબ ધ્યાન રાખીને વેપારીઓ ગ્રાહકોને સોશિયલ ડિસ્ટન્સ મુજબ લાઈનમાં ઉભા રહેવાનું કહી રહ્યા હોવાથી વાલીઓની લાઈનો લાગી રહી છે.

મોટાભાગના વાલીઓ પોતાના બાળકને સ્કૂલમાં મોકલી રહ્યા છે. જેને કારણે વાલીઓએ યુનિફોર્મ, પીટી યુનિફોર્મ, બુટ સહિતની અન્ય સ્ટેશનરી ખરીદવાની શરૂઆત કરી દીધી છે. છેલ્લા બે વર્ષથી શાળાઓ બંધ હોવાના કારણે દુકાનદારોનો યુનિફોર્મનો સ્ટોક જેમનો તેમ પડયો હતો જે હવે દુકાનદારોએ સ્ટોક વેચાણ માટે ગોઠવી દીધો છે. અત્યાર સુધી સ્કૂલો બંધ હોવાથી વિદ્યાર્થીઓના કદ કાઠામાં ફેરફાર આવ્યો છે. જેથી વિદ્યાર્થીઓને જૂના યુનિફોર્મ આવી રહ્યા નથી જેથી તેઓએ પણ નવા યુનિફોર્મ માટેના ઓર્ડરો આપ્યા છે. ધોરણ ૧૦ અને ૧૨ પછી ધો-૬ થી ૯ની સ્કૂલો શરૂ થઈ હતી તે જ સમયે ઘણા યુનિફોર્મ વેચાઈ ગયા હતા ત્યારબાદ યુનિફોર્મ વેચાતા નહોતા જે ઓચિંતી સરકારે જાહેરાત કરી દેતા ધોરણ ૧ થી ૫ના વિદ્યાર્થીઓના યુનિફોર્મની ડીમાન્ડ વધી ગઈ છે.





મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓના ઓનલાઈન અભ્યાસ માટે મોબાઈલનો ખર્ચો વાલીઓને માથે પડયો છે. ઉપરાંત માંડ ધંધા રોજગારની ગાડી પાટે ચડી છે ત્યાં અચાનક જ ઓફલાઈન શાળા શરુ કરવાની જાહેરાતને પગલે ફી, યુનિફોર્મ સહિતના ખર્ચા અત્યારે કયાંથી લાવવા તેને લઈને વાલીઓ ભારે મુંઝવણમાં મુકાઈ ગયા છે. શાળાઓ ખુલ્યા બાદ વાલીઓને માથે મોંઘવારીનો માર વધશે. સ્કૂલવાન અને રિક્ષાના ભાડામાં પણ ૨૦ ટકા સુધીનો વધારો થયો છે. જેથી વાલીઓને ન છૂટકે મોંઘવારીનો સામનો કરવો પડશે ઉપરાંત કાપડ બજારમાં પણ મોંઘવારીનો માર વાલીઓને સહન કરવો પડી રહ્યો છે. આમ, મોંઘવારીના કારણે દરેક ચીજ વસ્તુઓના ભાવમાં વધારો થઈ રહ્યો છે.

## ઈન્ફોસિટી શાળાના વિદ્યાર્થીઓ ગાંધી આશ્રમની શૈક્ષણિક મુલાકાતે



ગાંધીનગર, તા.૨૫

ઈન્ફોસિટી શાળામાંથી વિદ્યાર્થીઓને સાબરમતી ગાંધી આશ્રમની મુલાકાત લઈ શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. જેમાં સેકન્ડરી વિભાગના શિક્ષિકા નીતુબેન પંડિત અને ગીરીશભાઈ જોષીએ વિદ્યાર્થીઓ સાથે ગાંધી આશ્રમની મુલાકાત લઈ અભ્યાસક્રમમાં સમાવિષ્ટ દાંડીયાત્રા, ગાંધીજીના જીવનની ઝાંખી આપતી વસ્તુઓને રૂબરૂ જોઈ અભ્યાસ કર્યો હતો. ગાંધી આશ્રમમાંથી વિદ્યાર્થીઓને વધુ માહિતી આપવા ગાંધીજીના સંદર્ભનું સાહિત્ય વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ભેટ સ્વરૂપે આપવામાં આવ્યું હતું.

## સે-૫માં પંચમુખી મહાદેવ સેવા ટ્રસ્ટ દ્વારા શ્રીમદ ભાગવત કથા યોજાશે

ગાંધીનગર, તા.૨૫

શ્રી પંચમુખી મહાદેવ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા શ્રીમદ ભાગવત કથાનું આયોજન કરોલ છે. કોરોનાકાળમાં મૃત્યુ પામેલા મૃતકોના મોક્ષાર્થે કથા યોજાશે. આ શ્રીમદ ભાગવત કથાનું આયોજન આંતરરાષ્ટ્રીય કથાકાર અને ધર્મસાંસદ કન્હૈયાલાલ મહારાજની વ્યાસપીઠે ૩૦ ડિસેમ્બરથી ૫ જાન્યુઆરી સુધી સેકટર-૫-એ શિવશકિત મંદિર ખાતે બપોરે ૧.૩૦ થી ૫.૩૦ સુધી યોજાશે. જયારે તારીખ ૨૯ ડિસેમ્બરના રોજ બપોરે ૩.૦૦ કલાકે ભાવનાબેન ગોકલાણીના મધુર કંઠે આનંદના ગરબાનું આયોજન કરેલ છે.

કોરોનાકાળમાં સ્વધામ ગયેલા સ્વજનોના મોક્ષાર્થે યોજાનાર આ કથામાં જે પરિવારને ભાગ લેવો હોય તેમણે ૧૦ ડિસેમ્બર સુધીમાં સ્વધામ ગયેલા સ્વજનનો ૧ ફૂટ x ૧ ફૂટનો ફ્રેમ કરેલ ફોટો પહોંચાડવાનો રહેશે. આ કથામાં આ પૂજા તદ્દન નિઃશુલ્ક કરાવાશે. જેથી કોરોના કાળમાં સ્વધામ ગયેલા પરિવારને આ કથામાં ભાગ લેવા માટે હૃદયપૂર્વક નિમંત્રણ છે. આ કથામાં મુખ્ય યજમાન, સહયજમાન, પોથી યજમાન, સાઉન્ડ સેવા, લાઈટ ડેકોરેશનની સેવા, મંડપની સેવા, આમંત્રણ પત્રિકાની સેવા, બ્રહ્મભોજનની સેવા, ફૂલહારની સેવા અને પાણીની સેવાઓ સ્વીકાર્ય છે. આ કથામાં ભાગ લેવા માટે નટુભા જાડેજા-૯૩૨૭૧ ૫૯૯૯૮, લગધીરભાઈ દેસાઈ-૯૮૨૫૮ ૪૭૨૩૧, કેયુરભાઈ દેસાઈ-૯૮૨૫૦ ૭૩૫૩૭, ઘનશ્યામભાઈ પટેલ-૯૮૨૪૪ ૮૫૨૬૩નો સંપર્ક કરવા જણાવાયું હતું.

## જે.એમ.પી. ગોપાલક સ્કૂલમાં મહિલા જાગૃતિ અંતર્ગત કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૨૫

જે.એમ.પી. ગોપાલક સ્કૂલ ખાતે મહિલા જાગૃતિ અને સ્ત્રી સશકિતકરણ અંર્ગ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં વાત્સલ્ય ચેરીટેબલ ટ્રસ્ટના અંજનાબેન રાઠોડ, ક્રિષ્નાબેન રાવલ તથા હિનાબેન તાપસ્વા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત શાળાની વિદ્યાર્થીનીઓને મુંઝવતા અંગત પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી તથા વિદ્યાર્થીનીઓને મહિલા જાગૃતિ અને સ્ત્રી સશકિતકરણ અંગે સમજણ આપી દિકરીઓને સજાગ કરવામાં આવી હતી. શાળાની દરેક વિદ્યાર્થીનીઓને ટ્રસ્ટ દ્વારા સેનેટરી પેડનું વિતરણ કરવામાં આવ્યું હતું તે બદલ શાળાના ટ્રસ્ટી જગતભાઈ શાહ, મહેન્દ્રભાઈ પ્રજાપતિ તથા પ્રકાશભાઈ વાઘેલાએ આભાર પ્રગટ કર્યો હતો.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. પરમાર નરેશભાઈ ધુળાભાઈ**, ઉ.વ. ૫૭, બોરીજ
- **સ્વ. ચંદ્રશેખરન પી.વી.કે.**, ઉ.વ. ૭૨, સેકટર-૨

## બાળકોને એનર્જી વર્ધક પાવડરના પાઉચનું વિતરણ



કોરોના મહામારીના આગમન પછી હવે જીવનમાં શારીરિક ક્ષમતા અને રોગ પ્રતિકારક શક્તિ વગેરેનું મહત્ત્વ ખૂબ વધી જવા પામ્યું છે. આ સંજોગોમાં ગાંધીનગરના સે.૨ અને સે.૭માં ઝૂંપડપટ્ટીમાં રહેતા જરૂરિયાતમંદ પરિવારોના નાના બાળકોને પૂરતું પોષણ મળી રહે તે હેતુથી એનર્જી વર્ધક પાવડરના પાઉચનું શહેરના સે.૨એ ખાતેના સીનીયર સીટીઝન ગૃપના અગ્રણી પ્રમોદભાઈ દવે (દવે કાકા) દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્ય માટે ભાવનાબેન આચાર્ય અને હસમુખભાઈ આચાર્ય દ્વારા આર્થિક સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો.

## થાઇ કિક બોકસીંગ નેશનલ સ્પર્ધામાં ગાંધીનગરના ખેલાડીઓ ઝળક્યા

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના ખેલાડીઓએ વિવિધ રમતોમાં પોતાની પ્રતિભા રાષ્ટ્રીય સ્તરે ઝળકાવી રહ્યાં છે. તાજેતરમાં તા. ૧૯ થી ૨૧ નવેમ્બર દરમ્યાન રાજસ્થાનના ચિત્તોડગઢ ખાતે થાઈ કિક બોકસીંગની નેશનલ ચેમ્પ્યનશિપ સ્પર્ધા યોજાઈ હતી જેમાં ગુજરાત રાજ્યમાં કુલ ૪૭ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, દિલ્હી, પુના, સી.બી.એસ.ઈ વગેરે રાજ્યની ટીમોએ ભાગ લીધો હતો જેમાં ગાંધીનગરના ૭ ખેલાડીઓએ ભાગ લીધો હતો અને પ્રથમ, દ્વિતીય અને તૃતીયકક્ષાએ વિજેતા બનીને ગાંધીનગરનું નામ અને



તેમના પરિવારનું નામ રોશન કર્યુ છે. આ ખેલાડીઓ પૈકી ફાઈટ ઈવેન્ટમાં ચાર્મી ચૌહાણ, ભવ્ય ચૌહાણ, શ્લોક ચૌહાણ, મસીરા મોડન, તનીશ્કા રાવલે દ્વિતીય નંબરે વિજેતા બની સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો જ્યારે નિલ જાદવ, મિતાલી જાદવે તૃતીયક્રમે વિજેતા બની બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. તદઉપરાંત મ્યુઝીકલ ઈવેન્ટમાં ચાર્મી ચૌહાણ, નિલ જાદવ, તનીશ્કા રાવલ, મસીરા મોડન, શ્લોક ચૌહાણ પ્રથમ સ્થાને જીતી ગોલ્ડ મેડલ અને મિતાલી જાદવ, ભવ્ય ચૌહાણ દ્વિતીય ક્રમે વિજેતા બની સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધામાં ગાંધીનગરના વિજેતા તમામ ખેલાડીઓને યુનિવર્સલ સ્પોર્ટ્સ એકેડેમી અને થાઈ કિક બોકસીંગ એસોસીએશનના ગુજરાતના સેક્રેટરી તથા ખેલાડીઓના કોચ હાર્દિક રાઠોડ અને થાઈ કિક બોકસીંગ એસોસીએશનના ગુજરાતના જનરલ સેક્રેટરી જીતેન્દ્ર પરમારે અભિનંદન પાઠવ્યાં હતા.

## એનઆઈસીએમ સંચાલિત જયરામભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટનું હાર્ટીમાર્ટ એન્ટરપ્રાઈઝ સાથે એમ.ઓ.યુ. અને કૉલેજના નવા લોગો તથા વેબસાઈટનું અનાવરણ



ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના પ્રવેશદ્વાર સમા ચ-૦ સર્કલ નજીક સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોઓપરેટીવ મેનેજમેન્ટ - એનઆઈસીએમ સંચાલિત શ્રી જયરામભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ બિઝનેસ મેનેજમેન્ટના ડાયરેક્ટર પ્રો. ડૉ. હરિશ્ચંદ્રસિંહ રાઠોડના સુકાનીપદે કૉલેજના નવા લોગો અને વેબસાઈટનું અનાવરણ તથા એમ ઓ.યુની ત્રેવડી ખુશાલીનો અવસર ઉજવાયો હતો.

આ અવસરે એક એમ.ઓ.યુ. જે કૉલેજના વિદ્યાર્થીઓને ભવિષ્યમાં પ્રોજેક્ટ, જૉબ તથા બિઝનેસ અર્થે મદદરૂપ થઈ શકે તે હેતૂસર હાર્ટીમાર્ટ સંગે કંપનીના પ્રણેતા નદીમ જાફરી, સી.ઈ.ઓ. વઝીરઅલી મોમીનની સવિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ અવસરે અમદાવાદની એમ.સી શાહ કૉમર્સ કૉલેજના હેડ ઑફ ધ સ્ટેટેસ્ટીક ડીપાર્ટમેન્ટ ડૉ.એન.ડી.શાહ અને મનીપ્લાન્ટ-ફીનમાર્ટ પ્રા.લી.ના ડિરેક્ટર મેહૂલ શાહ તથા કૉલેજના સ્ટાફગણ અને વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતા. આખાય કાર્યક્રમનું સુપેરે સંચાલન કૉલેજ ફેકલ્ટીગણ ડૉ. હિના થાનકી તથા ડૉ. તન્વી કોઠારી દ્વારા કરવામા આવ્યું હતું. અત્રે ઉલ્લેખનિય બાબત છે કે કૉલેજ દ્વારા દેશના ઉજ્જ્વળ ભાવિ એવા યુવાધન જે કૉલેજમાં મેનેજમેન્ટના કોર્ષ કરી રહ્યાં છે તેઓ માટે વધુને વધુ સારી તકોના સર્જન અર્થે અવાર નવાર આવા પ્રયોજનો હાથ ધરાય છે જે તેમના ભવિષ્ય નિર્માણે પાયાની ઈંટ સાબિત થઈ તેઓને સફળતા અપાવી શકે તે હેતુથી આ એમઓયુ કરવામાં આવ્યું છે.

# શિયાળો આવ્યો.... કચરીયું લાવ્યો

### કચરિયાના ભાવમાં ૨૦ ટકાનો વધારો : વિવિધ ૧૮ પ્રકારના કચરિયા બજારોમાં ઉપલબ્ધ

ગાંધીનગર, તા.૨૫

શિયાળામાં ઠંડી સામે રક્ષણ મેળવવા માટે પૌષ્ટિક આહાર તરીકે ખવાતું કચરિયું અને ચિક્કી માર્કેટમાં આવી ગયા છે. જેમાં કચરીયાના ભાવમાં ૨૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે તેવું કચરીયાના વેપારીઓ જણાવી રહ્યા છે. ગત વર્ષની સરખામણીએ ગોળ, તલ અને સીંગના ભાવમાં વધારો નોંધાયો છે તેથી કચરીયા અને ચિક્કીના ભાવમાં ૨૦ટકાનો વધારો કરવામાં આવ્યો છે.

શહેરમાં કચરીયા તેમજ ચિક્કી, વસાણાનું વેચાણ કરતા નાના-મોટા વીસેક જેટલા વેપારીઓ છે. ડાયાબિટીસનાં દર્દીઓને ધ્યાનમાં રાખીને વેપારીઓ ઓછા ગોળનું પણ કચરીયું બનાવે છે. કચરીયાનું વેચાણ શરૂ થઈ ગયું છે. પરંતુ ગત વર્ષ કરતા ગોળ અને તલના ભાવમાં વધારાથી ચાલુ વર્ષે કચરીયું ખાવા શહેરીજનોને વધુ ભાવ ચુકવવો પડશે પરંતુ શહેરીજનો પોતાની તંદુરસ્તી બનાવવા માટે કોઈ સમાધાન કરવા તૈયાર નથી અને કચરીયાની ખરીદી કરી રહ્યા છે.

અલગ અલગ ૧૮ પ્રકારના કચરિયામાં જયંતિલાલ સ્પેશિયલ કચરીયામાં ગુંદર નાંખવામાં આવે છે જે દેશી ઈમ્યુનિટી બુસ્ટર ગણાય છે. જેમાં ગરમ ગુંદરને ઘીમાં સેકીને તૈયાર કરવામાં આવે છે. આ કચરીયું ૪૦૦ રૂ.ના ભાવે વેચાય છે. આ તમામ કચરિયામાંથી સૌથી વધારે સૂંઠ-ગંઠોડાવાળા કચરીયાનું વેચાણ વધારે થાય છે ત્યારબાદ ડ્રાયફ્રુટવાળા કચરીયાની ડિમાન્ડ વધારે રહે છે.





શહેરમાં જયંતિલાલ ચીકીવાળાના કચરીયા અને ચિક્કી પ્રખ્યાત છે. જેમાં ગ્રાહકોને ચાખવા માટે અલગ અલગ બોકસમાં દરેક વસ્તુ રાખવામાં આવે છે અને ગ્રાહકો તેનો ટેસ્ટ કર્યા બાદ તેની ખરીદી કરે તેવો વેપારીઓનો આગ્રહ હોય છે. આદિત્ય જયંતિલાલ પટેલના જણાવ્યા મુજબ તેઓ પિતા સાથે આ વેપારમાં જોડાયા ત્યારબાદ નવા નવા ઈનોવેટીવ સુધારા કર્યા છે. કચરિયાને દેશી ઈમ્યુનીટી બુસ્ટર સિમ્બોલ તરીકે ઓનલાઈન વેચાણ કરી રહ્યા છે તેમના ત્યાંથી રોજનું ૧૦૦ થી ૧૫૦ કિલો કચરિયાનું વેચાણ થાય છે. શહેરીજનોને જયંતિલાલ ચીકીવાળાનું કચરીયું સૌથી વધારે પસંદ આવી રહ્યું છે તેથી દર વર્ષે ગ્રાહકોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે.

કચરિયું ખાવાથી માનવશરીરને ઘણા બધા ફાયદા થાય છે. હાર્ટની સમસ્યાઓમાં, બ્લડસુગર કંટ્રોલ કરવામાટે, વાળની જાળવણીમાં મદદરૂપ થાય છે. સૂંઠ અને ગંઠોડા ખાવાથી શરદી સામે રક્ષણ મળે છે અને ગુંદરથી કમરના દુખાવા સામે રક્ષણ મળી રહે છે. જેમ જેમ શિયાળાની ઠંડી વધી રહી છે તેમ તેમ શહેરીજનો દ્વારા શિયાળુ ફેવરિટ પૌષ્ટિક કચરીયાની ધીમ ખરીદી જોવા મળશે.

### કચરિયા, ચિક્કી વિવિધ સ્વાદમાં

સ્વાદના શોખીનોને ધ્યાનમાં રાખીને ચિક્કી અને કચરીયાના વેપારીઓ દ્વારા અલગ અલગ ૧૮ પ્રકારના સ્વાદમાં કચરીયું બનાવવામાં આવતું હોવાનું ૩૩ વર્ષથી કચરીયું અને ચિક્કીનું વેચાણ કરતા પેથાપુરના જયંતિલાલ પટેલે જણાવ્યું હતું. જેમાં અલગ અલગ સ્વાદના કચરીયાનો પ્રતિકિલો રૂ.૨૦૦ થી ૪૦૦ સુધીનો ભાવ છે. જયારે ડ્રાયફ્રુટ કચરિયાનો ભાવ રૂ. ૮૦૦ થી ૯૦૦ છે. જુદા જુદા ૧૮ પ્રકારના કચરિયા જેમાં ડ્રાયફ્રુટવાળું કચરિયું, ઓછા ગોળનું સૂંઠ ગંઠોડાવાળું, દેશી ગોળનું, કેસર બદામનું, ચોકલેટ ફલેવરનું, ચોકાવીટા, ઈલાયચી, કોકોનટ, કાળા તલનું, કાળા તલનું સૂંઠવાળું, કાળા તલનું ડ્રાયફ્રુટવાળું, કાળા તલનું ઓછા ગોળવાલું, જયંતિલાલ સ્પેશિયલ, સાદું કચરિયું આમ વિવિધ પ્રકારના કચરિયા જોવા મળી રહ્યા છે.




## જન્મદિને વધામણી



અલ્કાબેન નરેન્દ્રભાઈ પ્રજાપતિ
મો. ૯૭૧૪૩ ૯૫૭૫૭



સ્વરા જિજ્ઞેશ રાવલ
મો. ૯૮૯૮૭ ૮૭૫૨૦



વિષ્ણુ આચાર્ય
મો. ૯૪૨૯૬ ૧૧૦૭૭



હેતરાજસિંહ ઝાલા
મો. ૯૮૨૪૯ ૪૨૪૮૮



મૈત્ર ગોપાલક્રિષ્ન સોલંકી



ખુશી આનંદભાઈ પરમાર



રાણા મેહુલભા
મો. ૮૪૦૧૬ ૯૫૭૯૬



સતિષસિંહ ઠાકોર
મો. ૮૮૬૬૬ ૪૩૩૩૭